# પૂજ્ય ગુરુદેવ- અંતિમ સંદેશ



એંસી વર્ષની લાંબી જીંદગીની અઉદ્દેશ્ય શરીર યાત્રા પુરી થઈ. આ અંતરાલમાં દરેક ક્ષણ પોતાના હૃદયમાં અને અંત:કરણમાં પ્રતિષ્ઠિત માનીને એક એક ક્ષણનો પુરો ઉપયોગ કર્યો છે. શરીર હવે વિદ્રોત કરી રહ્યું છે. આમ તો થોડા દિવસ વધારે ખેંચી શકાય તેમ છે પણ જે કાર્ય પરોક્ષ માર્ગદર્શક સત્તાએ સોંપેલુ છે, તે સૂક્ષ્મ અને કારણ શરીરથી જ સંપન્ન થઈ શકે તેમ છે. એવી સ્થિતિમાં ઘરડા શરીરનો મોહ રાખવાનું ઉચિત પણ નથી.

જ્યોતિ બુઝાઈ ગઈ એમ પણ સમજવું ન જોઈએ. અત્યાર સુધીના જીવનમાં જેટલું કાર્ય આ સ્થૂળ શરીરે કર્યુ છે, એનાથી સો ગણું સૂક્ષ્મ અંત:કરણથી સંભવ થયું છે. આગળનું લક્ષ્ય વિરાટ છે. દુનિયા ભરના છ અબજ માણસોની અંતર્ચેતનાને પ્રભાવિત અને પ્રેરિત કરવા માટે એમનામાં અધ્યાત્મિક પ્રકાશ અને બ્રહ્મવર્ચસ જગાવવાનું કાર્ય પરમ શક્તિથી જ સંભવ છે. જીવનની અંતિમ ઘડીઓ તે જ ઉપક્રમમાં વિતી છે આના ઉપરાંત તે બધાં પરિજન જેમને અમે મમતાનાં સૂત્રોમાં બાંધીને પરિવારના રૂપમાં વિશાળ રૂપ આપ્યું છે. સંભવત સ્થૂળ નેત્રોથી અમારી કાયાને નહીં દેખી શકે, પણ અમે તેમને વિશ્વાસ આપીએ છીએ કે, આ શતાબ્દીના અંત સુધી સૂક્ષ્મ શરીર કારણના સુધી ન પહોંચી જાય, અમે શાંતિકુંજ પરિસરના અંત:કરણમાં વિદ્યમાન રહીને મારાં બાળકોમાં નવજીવન અને ઉત્સાહ ભરતાં રહીશું. તેમની સમસ્યાના સમાધાન તે જ પ્રમાણે નીકળતા રહેશે જેવા કે અમારી હાજરીમાં તેમને મળતા હતાં.

અમારા આપ સગા સંબંધો હવે વધારે પ્રગાઢ બની જશે. કારણ કે, અમે વિખુટા પડવા માટે ભેગાં નથી થયાં. અમને એક ક્ષણ પણ ભૂલાવવાનું આત્મીય પરિજનો માટે મુશ્કેલ બની જશે. બ્રહ્મ કમલનાં રૂપમાં અમે તો ખીલી ઉઠ્યા પરંતુ તેની શોભા અને સુગંધના વિસ્તાર માટે એવા અગણિત બ્રહ્મબીજ દેવમાનવ કરવા જઈ રહ્યા છીએ, જે ખીલીને સમસ્ત સંસ્કૃતિ સરોવરને સૌદર્ય-સુવાસથી ભરી શકે, માનવતાને નિહાલ કરી શકે.

બ્રહ્મનિષ્ટ આત્માઓના ઉત્પાદન, પ્રશિક્ષણ અને યુગ પરિવર્તનના મહાન કાર્યોમાં એમનું નિયોજન બહુ મોટું કામ છે. આ કામ અમારા વારસોએ કરવાનાં છે. શક્તિ અમારી કામ કરશે તથા પ્રચંડ શક્તિ પ્રવાહ અગણ્ય દેવાત્માઓને આવનાર દિવસોમાં મિશન સાથે જોડશે, તેમને સંરક્ષણ, સ્નેહ આપવાનું અને સાંભળવાનું કામ માતાજી સંપન્ન કરશે. અમે સતયુગને ફરીથી લાવવાનાં ઈતજામમાં લાગી જઈશું. જે પણ સંકલ્પનાઓ નવયુગ સંબંધી અમે કરી હતી તે સાકાર થઈને જ રહેશે. આ જર્જરિત કાયાપિંજરાનું સીમિત પરિસર છોડીને અમે વિરાટ ઘનીભૂત પ્રાણ ઉર્જાનાં રૂપમાં વિસ્તૃત થવા જઈ રહ્યા છીએ.

દેવ સમુદાયનાં બધાં પરિજનોને મારાં કરોડ-કરોડ આર્શીવાદ, આત્મીક પ્રગતિની દિશામાં અગ્રેસર થવા માટે અગણ્ય શુભકામનાઓ.